# સૅક્ટર-૨૨નો બગીચો ક્રિકેટનું મેદાન બન્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સૅક્ટર-૨૨ના બગીચાની હાલત છેલ્લા ઘણા સયમથી ઉજ્જડ-વેરાન જેવી બની ગઈ છે. સૅક્ટરનાં બાળકોને તથા વડીલ વર્ગને બેસવા, રમવા અને આંખોને ઠંડક આપવા માટે જે તે સૅક્ટર્સમાં બગીચાનું નિર્માણ થયું છે પણ આ બગીચો હાલમાં 'ગાર્ડન' જેવો રહ્યો નથી.

બગીચાની એક ઓળખ લીલોતરીની છે. જ્યાં ફૂલો હોય, ઘાસ હોય, વૃક્ષોની કતાર હોય, બેસવા બાંકડા હોય, બાળ-ગોપાળોના રમવા માટે હીંચકા, લપસણી વગેરે હોય, પણ અહીં સૅક્ટર-૨૨માં બાળકોને રમવા માટેનાં સાધનો નથી. કેટલીક જગ્યાએ મોટું - મોટું ઘાસ ઊગી ગયું છે. પરીક્ષાઓ પૂર્ણ થતાં બાળકો બગીચામાં રમવા જાય છે. પણ અહીં બાળકોને રમવાની મુશ્કેલી પડે છે. અહીં તારનું ફેન્સીંગ પણ કર્યું નથી. મોટા છોકરાઓએ તો આ સ્થળને ક્રિકેટનું મેદાન બનાવી દીધું છે. બાગ-બગીચાની ઓળખ ધરાવતું ગાંધીનગર સાચે જ ધીમે-ધીમે તે ઓળખને વિસરાવતું હોય તેમ લાગી રહ્યું છે.

# ગાંધીનગરના સળગતા પ્રશ્નો માટે સ્વૈચ્છિક સંગઠનો આક્રમક આંદોલનના મુડમાં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખશ્રી કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષ પદે ગત રવિવારે સાંજે ટાઉન હોલના પ્રાંગણમાં ૬૦ જેટલા સંલગ્ન વસાહત મંડળના હોદેદારો, સામાજિક સેવા કલા સંસ્થાના અગ્રણીઓ, મહિલા મંડળો સહિત વિશાળ મોટી સંખ્યામાં ગાંધીનગર શહેરના હાલ સળગતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી સરકારશ્રીમાં ઉગ્ર રજૂઆત કરવા બાબતે જાહેર બેઠક મળી હતી. જેમાં શહેર સમાવેશ ગ્રામવિસ્તાર પાલજ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકૂવા, આદિવાડા, ફતેહપુરાના અસરગ્રસ્તો, પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

બેઠકની શરૂઆતમાં સંસ્થાના મહામંત્રીશ્રી પોપટલાલ પ્રજાપતિએ સંસ્થાની કામગીરી પ્રગતિની ઝલક આપી હતી. સંસ્થા સંગઠનને મજબૂત કરવા અપીલ કરી હતી. ઉપસ્થિતિ પ્રતિનિધિઓએ સેકટરોની ૨૦, ૨૯, ૨૪, ૧૫ માધ્યમિક શાળાનું વિલીનીકરણ, સાફ-સફાઈ, નવા સેકટરોમાં લગ્નવાડી, રંગમંચ, જૂના સેકટરોના ખંડેર રંગમંચ, મહાનગર પાલિકાના મિલકત વેરો, સીવીલ હોસ્પિટલમાં દર્દીઓને પડતી મુશ્કેલીઓ નવા સેકટરોમાં ૩, ૪, ૫, ૧૩ના બંધ સરકારી દવાખાના ચાલુ કરવા. સેકટર-૨૮ બગીચા સરિતા ઉદ્યાન, જૂના સેકટરોના બગીચાની મરામતો કરવી ખૂબ જરૂરી છે. સેકટરોમાં વિટકોસ બસની સુવિધા વિસ્તૃત કરવાની, ગુનાખોરી, છેતરપિંડી, ચોરીઓ વગેરે બનાવો સામે કડક કાર્યવાહી કરવાની જરૂર છે. તૂટેલી ફૂટપાથો, અમદાવાદ-ગાંધીનગરની શહેરી બસ સેવાની કંગાળ અનિયમિત બસ વ્યવસ્થા, વી.આઈ.પી. માટે અલગ પોલીસ તંત્ર રાખવું, લુખ્ખા તત્વો, શાળા-કોલેજની આસપાસ રખડતા હોય છે. તેમને પકડીને સખ્ત શિક્ષા કરવી, જંગલ વન વિસ્તારમાં ઝુંપડપટ્ટીના દબાણો, ગાંધીનગર શહેરના સમાવિષ્ટ ગામોમાં ગટર, પાણી, વીજળી, બસ વ્યવસ્થા કરવી જરૂરી છે. ભાડા પેટે સરકારશ્રીએ અસરગ્રસ્તોને ફાળવી આપેલી દુકાનો વેચાણ કરી આપવી. પાલજ-બાસણને જોડતો પુલ બનાવવો. અસરગ્રસ્ત ગામોમાં સ્મશાનગૃહ બનાવવું, સંત સરોવરનું કામ ઝડપી કરવું વગેરે પ્રશ્નોની ચર્ચા કરી ઉગ્ર આંદોલન અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં પડઘો પાડવા માટે આંદોલનનાં કાર્યક્રમ આપવાનું સર્વ સંમત થયું હતું.

જીલુજી વાઘેલા, કેશરીસિંહ વાઘેલા, પોપટલાલ પ્રજાપતિ, રાજેન્દ્ર પારેખ, પ્રધાનજી ઠાકોર, નરસિંહભાઈ પરમાર, ડાહ્યાભાઈ પટેલ, રાજેશ ત્રિવેદી, કે.ઓ. વ્યાસ, મનુજી ઠાકોર, બાદરજી ઠાકોર, ધીરજભાઈ સંઘાણી, ભવનસિંહ ચાવડા, આઝાદ મનસુરી, હરિસિંહ રાઠોડ વગેરે હાજર રહ્યા હતા. આભાર વિધિશ્રી રાજેન્દ્રભાઈ પારેખે કરી હતી.

# ગાંધીનગરમાં યોજાયેલ અતિપછાત સેનવા રાવત સમાજના ૧૧માં સમૂહ લગ્નોત્સવ



ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગરમાં ગુજરાતના અનુસૂચિત જાતિના અતિપછાત દલિત એવા સેનવા રાવત સમાજના સમૂહ લગ્નોત્સવમાં ૫૬ જેટલા નવદમ્પતિઓને સુખી-સમૃધ્ધ લગ્નજીવનના શુભ-આશિષ આપ્યા હતા.

ગુજરાત સેનવા-રાવત સમાજ સંઘના ઉપક્રમે ૧૧મો સમૂહ લગ્નોત્સવ યોજવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજની પ્રગતિ માટેના આ સામાજિક રિવાજની નવી દિશા અપનાવવા આયોજકોને અભિનંદન આપ્યા હતા.

રાજ્ય સરકાર વંચિતોના વિકાસને સાચી દિશામાં લઈ જવા પ્રોત્સાહક અભિગમ ધરાવે છે તેની ભૂમિકા આપી તેમણે જણાવ્યું કે કુંવરબાઈનું મામેરૂ રૂપે ગરીબ કન્યાને અપાતી સહાય તથા સાતફેરા સમૂહલગ્ન માટે અપાતી સહાય રૂા. ૫૦૦૦માંથી રૂા. ૧૦,૦૦૦ની બમણી કરી છે. રાજ્ય સરકાર ગરીબોની બેલી છે અને જીવનના હરેક તબકકે ગરીબ માતાની કુખે ગર્ભસ્થ શિશુ અને તેના જન્મથી લઈને ગરીબના પરિવારમાં કોઈના મૃત્યુ સમયે સહાય આપવા સુધીની યોજનાઓ લઈને આ સરકાર તેમની પડખે ઉભી રહે છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં દલિત સમાજમાં પણ અતિપછાત જ્ઞાતિઓના ઉત્કર્ષ માટેની રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શિક્ષણથી ગરીબીનો વારસો ફગાવી દેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે બેચર સ્વામી અતિપછાત જાતિ નિગમના શ્રી પૂનમભાઈ મકવાણા સહિતના સમાજ અગ્રણીઓ તથા સેનવા-રાવત પરિવારજનો ઉપસ્થિત રહયા હતા.

# ...ને ભિખારી વૃધ્ધા ૨૦ રૂ. લઈ ઠાઠથી રીક્ષામાં બેઠી

ગાંધીનગર, તા.૬

'દયા ડાકણને ખાય' ઉકિત આજે એટલા માટે યાદ આવે છે કે, સંવેદનશીલ વ્યકિત જયારે પોતાની ભાવનાને ચરિતાર્થ કરવા દયા વાપરે છે ત્યારે તેની તે દયાને કેટલાક લોકો ઘોળીને પી જાય છે...આવી જ એક ઘટના આપણા ગાંધીનગરના એક વડીલ સાથે બની.

આપણા નગરની સિવિલ હોસ્પિટલ પાસે તાજેતરમાં એક અલભ્ય ઘટના બની. ઘટના એવી છે કે, એક સંવેદનશીલ સહૃદયી સ્નેહી સ્કૂટર લઈને સિવિલ હોસ્પિટલ પાસે ઉભા હતા. સમય થતાં પોતાનું સ્કૂટર ચાલુ કરીને ઘર તરફ પ્રયાણ કરવા જઈ રહ્યા હતા ત્યારે અચાનક જ ૬૦-૬૫ વર્ષની વૃદ્ધ મહિલા તેમની પાસે આવી. એકદમ દયામણી આંખો, વીલું મોઢું અને શરીર પર રૂક્ષ ચામડી ધરાવતી માજી પાસે એક નાની બેબી પણ હતી. તેણે એકદમ પાસે આવીને, ખૂબ જ દુઃખી હૃદયે કહ્યું, 'સાહેબ! દિવસથી કંઈ ખાધું નથી! ખાવા પૈસા આપો, ખૂબ જ ભૂખ લાગી છે!' નાની બાળકી અને વૃદ્ધ ડોશીને જોઈને વડીલમાં હૃદયમાં દયા જન્મી અને પોતાના ખિસ્સામાંથી ૨૦ રૂ.ની નોટ કાઢી અને તેને આપતા કહ્યું, 'આ પૈસાથી ચા-બિસ્કીટ ખાઈ લેજો!' પેલી ડોસીએ તરત જ પૈસા હાથમાં લીધા ને ઝડપભેર ચાલીને તે વડીલની સામે જ રીક્ષામાં બેસી ચાલતી થૈ...વડીલ તો અચંબામાં પડયો..! અરે..! આ શું! મારી ભાવનાનો આટલો જ વિવેક...!

# ભાટ નજીક યુવતિ પાસેથી અજાણ્યા ઈસમોએ ૧૫૦૦ની તફડંચી કરી

ગાંધીનગર, તા.૭

'ગળામાં સોનાનો દોરો કેમ પહેર્યો નથી' તેમ કહી યુવતિને બે-ત્રણ થપ્પડ મારી રૂ.૧૫૦૦ની રોકડ મત્તા લઈ, બાઈકચાલકો ફરાર થઈ ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભાટ નજીકથી એકિટવા લઈને પસાર થતી યુવતિને અજાણ્યા બાઈક ચાલકોએ રોકી પાકીટમાંથી રોકડ રકમ લઈ ફરાર થઈ ગયા હતા!!

પ્રાપ્ય માહિતી અનુસાર બે દિવસ પૂર્વે ભાટ ગામ નજીકથી બપોરના સમયે એકિટવા લઈને પસાર થતી યુવતિને બે બાઈક પર આવેલા ચાર અજાણ્યા શખ્સોએ અટકાવી હતી. ગભરાયેલી યુવતી કાંઈ પૂછે તે પહેલા આ શખ્સોએ તેણીનાં ગળામાં નજર નાંખી-'સોનાનો દોરો કેમ પહેર્યો નથી' તેમ કહી યુવતિનું પાકીટ હાથમાં લીધું હતું. જેમાંથી રૂ.૧૫૦૦ આ અજાણ્યા શખ્સોએ લઈ લીધા હતા. ત્યારબાદ હતપ્રત બનેલી યુવતિને બે ત્રણ લાફા મારી દીધા હતા તેવા સમયે સ્થળ પરથી ટ્રક પસાર થતા ચારેય ઈસમો બાઈક લઈને સ્થળ પરથી નાસી છૂટયા હતા. જો કે આ બનાવ સંદર્ભે ગભરાયેલી યુવતિએ પોલીસ ચોપડે ફરિયાદ નોંધાવી ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

## આજે સુંદરકાંડના પાઠ સે-૨૧માં યોજાશે

શ્રી રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તિભાઈ 'યોગી'ની વ્યાસપીઠે આજે તા. ૮મી મે ૨૦૧૨ને મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૬૮૭-બી, સે-૨૧, ગાંધીનગર ખાતે ઘનશ્યામભાઈ સોનીના યજમાનપદે યોજાશે.

## પેથાપુરની પ્રિયંકા દવે ગુમ થયેલ છે

ગાંધીનગર, તા. ૭

પેથાપુર ગામની પ્રિયંકા



પૂનમભાઈ ઈશ્વરભાઈ દવે તા. ૧૫મી એપ્રિલના રોજ ગુમ થયેલ છે. જે સેકટર-૨૮માં વસંત કુંવરબા શાળામાં ધોરણ- ૧૧માં અભ્યાસ કરી રહી છે. જે ઘરેથી કહ્યા વગર ઘર છોડી ચાલી ગયેલ છે. જે આજ દિન સુધી પરત ફરી નથી. પેથાપુર પોલીસ સ્ટેશને પણ ફરિયાદ નોંધાવેલ છે. પોલીસ ખાતું પણ શોધ ખોળમાં સક્રિય બનેલ છે.

# ઈન્દિરાનગર છાપરામાંથી ૩૦ કિલો ગૌ-માંસનો જથ્થો પકડાયો

## ગૌ રક્ષક ટીમે બાતમીના આધારે સ્થળ તપાસ કરી પોલીસને જાણ કરી

ગાંધીનગર, તા.૭

સે-૨૪ ઈન્દિરાનગર છાપરા વિસ્તારના એક મકાનમાંથી ૩૦ કીલો ગૌ-માંસનો જથ્થો પકડાતા સે-૨૧ પોલીસે એકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ય માહિતી અનુસાર સે-૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં રહેતા ગૌ રક્ષક લાભુભાઈ લલ્લુભાઈ દેસાઈને સે-૨૪ ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં સ્થિત મકાન નં. ૪૦૬માં ગૌ-માંસનો જથ્થો હોવાની બાતમી મળી હતી. જેના આધારે ગત તા. ૫ મેના રોજ તેમણે અન્ય ગૌરક્ષકો સાથે મળી રાત્રિના આ કતલખાનામાં તપાસ કરી હતી. આ દરમિયાન ૩૦ કીલો જેટલું ગૌ-માંસ હોવાનું માલુમ પડતા ગૌરક્ષકોની આ ટીમે સે-૨૧ પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી. યોગ્ય રીપોર્ટ માટે એફ.એસ.એલ.ની મદદ લીધી હતી. જેના અંતે ગૌ-માંસ હોવાની જાણ થઈ હતી. સે-૨૧ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.એમ. પરમારે આ મામલે તપાસ હાથ ધરી આરોપી મલિક રફીક અહેમદ મીયાંની ગઈકાલે રાત્રે ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપી અગાઉ પાસામાં પકડાયો હતો. આરોપીના એક દિવસના રીમાન્ડ મંજુર કરાયા છે.

## આર્ટ ઓફ લીવીંગના કોર્ષનો ૯મીથી પ્રારંભ થશે

ગાંધીનગરના આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક સુરેશભાઈ પરમારે જણાવ્યું છે કે, તા. ૯મી મે થી ૧૨મી મેદરમિયાન ગાંધીનગરના મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, બીજો માળ, સે-૧૧ ખાતે સવારે ૬ થી ૯ યશ કોર્ષ અને સવારે ૯ થી ૧૨ આર્ટ એકસલનો પ્રારંભ થશે.

## સે-૫ શિવશકિત મંદિરમાં ભવ્ય પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૭

સે-૫-એ ખાતે સ્થિત શિવશકિત મંદિરના ત્રીજા પાટોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાટોત્સવ નિમિત્તે મંદિરમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે ૨૧૦૦થી પણ વધુ ભાવિકોએ નોખી પ્રસાદીનો લાભ લીધો હતો. પાટોત્સવની ઉજવણીને અનુલક્ષી મુખ્યદાતા તરીકે કૃષ્ણપાલ સિંહ બી. વાઘેલા, પ્રવિણસિંહ વાઘેલા, ભલાભાઈ જોષી, પ્રભાતસિંહ વાઘેલા તેમજ લકધીરભાઈ દેસાઈ સહિતના આગેવાનોએ સહકાર આપ્યો હતો. જયારે આ ધાર્મિક અવસરને સફળ બનાવવા મહિલા અગ્રણી નિરુબેન નાયક, નટુભા જાડેજા, બાબુભાઈ એમ. પટેલ, અમૃતભાઈ રાવળ, પ્રહલાદજી ડાભીએ જહેમત ઉઠાવી હતી.

# દીકરીને હું વાસ્તવિક લક્ષ્મી માનું છું, શક્તિ માનું છું



'દીકરીને હું વાસ્તવિક લક્ષ્મી માનું છું, સરસ્વતી માનું છું, શક્તિ માનું છું. અને મારું એ પણ દ્રઢપણે માનવું છે કે જે ઘરમાં દીકરી સચવાતી હોય એ ઘર કદાપિ દુખી થતું નથી.'

આ શબ્દો છે ગાંધીનગરના અગ્રણી સામાજિક કાર્યકર અને સૅક્ટર-૨૮ના રહેવાસી સ્વતંત્ર વ્યવસાયી એવા જીલુભા ધાધલના, જે બે ગરવી દીકરીઓના પિતા પણ છે.

જીલુભાનાં લગ્ન હર્ષાબા સાથે ૧૯૯૧માં થયા. યોગાનુયોગ બંને ભાવનગર જિલ્લાના બોટાદ તાલુકાના વતની. ૧૯૯૫થી ૨૦૦૫ દરમ્યાન તેઓ બોટાદમાં જ રહ્યા, જ્યાં જીલુભાએ તાલુકા પંચાયત પ્રમુખનું પદ શોભાવ્યું હતું. એ દરમ્યાન એમને ઘેર પહેલીવાર પારણું બંધાઈ ચૂક્યું હતું. દીકરી કિન્નરીનો જન્મ થઈ ચૂક્યો હતો. એ પછી ૧૯૯૮માં બીજીવાર ઘેર પારણું બંધાયું અને ફરી દીકરી જ અવતરી, જેનું નામ મયુરી રાખવામાં આવ્યું. એ પછી ૨૦૦૭માં દીકરીઓના ભવિષ્યનો વિચાર કરીને આ દંપતિ ગાંધીનગરમાં આવીને વસ્યું અને દીકરીઓના સારા અભ્યાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યું.

જેના પરિણામે હાલ કિન્નરી બીકૉમનો અભ્યાસ પૂર્ણ કરી સીએનો

સંબંધ સજાવે જિંદગી
**દીકરી વ્હાલનો દરિયો**
- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

અભ્યાસ કરી રહી છે. તેજસ્વી વિદ્યાર્થીની હોવા ઉપરાંત તે અચ્છી કલાકાર પણ છે. વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટ તથા ખ્યાત ટીવી શ્રેણી એક ડાળનાં પંખીમાં તે કામ કરી ચૂકી છે. રાસ-ગરબા અને ગ્લાસ પેઈન્ટીંગ પણ તેના રસ અને નિપુણતાના વિષયો છે.

નાની દીકરી મયુરી આલ ઍસ જી ઇંગ્લિશ મિડીયમ સ્કૂલમાં ધોરણ-૯નો અભ્યાસ શરૂ કરવા જઈ રહી છે. એ પણ ડાન્સની એક અચ્છી કલાકાર છે.

હર્ષાબાનું કહેવું છે, 'આમ તો અમારા ખાનદાનમાં દીકરીઓ ઘણી, પરંતુ એ બધાયમાં આટલું બધું ભણી હોય અને માતાપિતાને ભણતર ઉપરાંત પોતાની કલાથી પણ ગૌરવ અપાવ્યું હોય એવી દીકરી અમારે ઘેર જ છે. એ માટે હું ભગવાનનો પાડ માનું છું.'

જીલુભા નિખાલસતાપૂર્વક સ્વીકારે છે કે પત્ની હર્ષાબાને તો પહેલેથી જ દીકરી જ સંતાન તરીકે આવે એવી ઈચ્છા હતી અને પોતે ઈશ્વર જે સંતાન આપે તે સ્વીકારી લેવાનો નિર્ણય કર્યો હતો. બંને દીકરીઓ અવતરી ને એમને ઈશ્વરની પ્રસાદી માની આવકારી, ઉછેરી ને એ દીકરીઓ આજે ઉચ્ચ સંસ્કાર અને વ્હાલપથી માતા-પિતાનું હૈયું ભરી રહી છે.

'અમારા સમાજમાં આમ તો દીકરીઓને એકલા ઘરની બહાર નીકળવાની કે બહુ અભ્યાસ કરવાની છૂટ નથી, પરંતુ અમારા માતા-પિતાએ એવા કોઈ જ બંધનનો સ્વીકાર કર્યા વિના અમને પૂર્ણ સ્વતંત્રતાથી વિદ્યા અને કલાનો પણ અભ્યાસ કરવા દીધો છે, જેના કારણે અમે અમારું વ્યક્તિત્વ પણ ખીલવી શક્યા છીએ અને અમારી સ્વતંત્ર ઓળખ પણ ઊભી કરી શક્યા છીએ. અમને અમારા માતા-પિતા માટે ગર્વ છે અને હંમેશા રહેશે.' ગરવી દીકરીઓની માતા-પિતા માટે આ લાગણી છે. દીકરી - વ્હાલનો દરિયો નહીં તો બીજું શું !



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૦૬
સૂર્યાસ્ત : ૦૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** જન્નત -૨ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨ :** જન્નત : ૧૦.૦૦
તેઝ : ૧૨.૩૦, ૧૦.૧૫
ધ એવેન્જર (હિન્દી) : ૨.૪૫, ૭.૪૫
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૧૫
**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૪.૦૦
જન્નત -૨ : ૧.૩૦, ૭.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૪ :** ફેટસો : ૧૦.૦૦
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦, ૫.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦
તેઝ : ૧૦.૧૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :** તેઝ : ૯.૩૦, ૨.૩૦, ૧૦.૩૦
વીકી ડોનર : ૧૨.૦૦, ૮.૦૦
હાઉસ ફુલ -૨ : ૫.૦૦
**સ્ક્રીન-૩ :** જન્નત- ૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
**સ્ક્રીન-૪ :** જન્નત- ૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

### સૂર્યા, વાવોલ

જન્નત - ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મોટા ઘરે મારું સાસરીયું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી.

**વૃષભ :** તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. બીજા કાર્યોની અનાવશ્યક આલોચના ન કરો.

**મિથુન :** વ્યવસાયિક યોજનાઓનો અમલ થઈ શકશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાદીઓ વધશે જેની પૂર્તિ કરવી પડશે. ઉપહાર મળી શકે છે. નોકરીમાં અતિવિશ્વાસ કરવું ઠીક નથી.

**કર્ક :** ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. કુટુંબના વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકશે.

**સિંહ :** યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચિ રહેશે. શુભ સમાચાર મળી શકે છે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળવાની શક્યતા છે.

**કન્યા :** સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થઈ શકે છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**તુલા :** વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયોગ પ્રાપ્ત થશે.સામાજિક કાર્યોમાં તમારી સક્રિય ભૂમિકા રહેશે. નેત્ર સંબંધી સમસ્યા રહી શકે છે.

**વૃશ્ચિક :** સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થવાનો યોગ છે. સંતાનની આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થઈ શકશે. નવા સંબંધ લાભકારક સિદ્ધ થશે.

**ધન :** માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. તમારા કાર્યોની ટીકા થશે. શ્રમ વધારે પડશે. વધારે પરિશ્રમનું ફળ તુલનાત્મક રૂપથી ઓછું મળશે.

**મકર :** કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. ભૂમિ, વાહન, મશીન ખરીદવાનો યોગ બનશે. ક્રોધ પર સંયમ રાખીને કાર્ય કરવાથી લાભ થશે.

**કુંભ :** અમોદ પ્રમોદના અવસર મળશે. કાર્યસિદ્ધિથી અર્થ ક્ષેત્રમાં આશાસ્પદ પરિણામ આવશે. એશ્વર્યપૂર્ણ સમય હોવાને કારણે ઉત્તમ વસ્ત્ર, ભોજનનો યોગ બનશે. તમારા કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**મીન :** ઉદાર મનથી પરાક્રમ કરો. સંબંધીઓને કારણે તમારી કીર્તિમાં વધારો થઈ શકે છે. દામ્પત્ય જીવન સારું રહેશે. બુદ્ધિ ચાતુર્યથી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. શિક્ષાના ક્ષેત્રમાં જોઈતી સફળતા મળશે.

## ચિરવિદાય

- સ્વ. રેખાબેન નરેશચંદ્ર ઝીઝુંવાડીયા (ઉ. વ. ૫૮ ) ૪૦૬/૨, સેકટર- ૧૨/બી, તા., જિ. ગાંધીનગર
- સ્વ. નવીનચંદ્ર મગનલાલ જાની (ઉ. વ. ૮૨ ) ૧૯૩/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેકટર- ૨૫, તા., જિ. ગાંધીનગર
- સ્વ. જીલુજી સેંધાજી વાઘેલા (ઉ. વ. ૬૫ ) મુ.પો. કોલવડા, તા., જિ. ગાંધીનગર